GJGS010008052022

દાખલ તારીખ : ૨૯.૦૪.૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૯.૦૪.૨૦૨૨
નિર્ણય તારીખ : ૨૯.૦૪.૨૦૨૬
મુદત : વર્ષ–૦૪, માસ–૦૦,દિવસ–૦૦

==========================================================

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી.૨૦૦૧–૯૩ તા.૨૦.૦૫.૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**FORM–A**

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના એડી. સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

---

**શ્રી જે. જે. પંડયા એડી. સેશન્સ જજ**
**ગીર સોમનાથ, વેરાવળ**
**ચુકાદાની તા.૨૯.૦૪.૨૦૨૬**

---

**સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૨**

---

| **એફ. આઇ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | પ્રભાસપાટણ પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૪૨૨૦૦૮૦/૨૦૨૨ |
| **ગુનો** | ઇ. પી. કોડની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) |
| **તહોમતનામા મુજબ તહોમત** | ઇ. પી. કોડની કલમ–૩૭૬, ૫૦૬(૨) |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>મુળ ફરીયાદી શ્રી અંકીતાબેન ડો/ઓફ સુરેશભાઇ કાનાભાઇ પરમાર જાતે પ્રજાપતિ<br>ઉ.વ.૨૨, ધંધો–ઘરકામ<br>રહે. સવની ગામ, તા.વેરાવળ |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી કે. ડી. વાળા |
| **આરોપી** | **પ્રવિણભાઇ જેસીંગભાઇ પરમાર જાતે.કારડીયા** રાજપુત ઉ.વ.૪૩ ધંધો.નોકરી,<br>રહે.સવની તા.વેરાવળ. |
| આરોપી તરફે | વિ. વ. શ્રી એ.બી.થાનકી |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૧/૦૫/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | ૨૨/૦૨/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૯/૦૪/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૦/૦૩/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યાની તારીખ | ૨૯.૦૪.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો | – |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શુ સજા કરી ? | ક્રિ. પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **પ્રવિણભાઇ જેસીંગભાઇ પરમાર જાતે.કારડીયા** | ૨૩/૦૨/૨૦૨૨ | નામ. ગુજરાત હાઇકોર્ટના ક્રિમી મીસે એપ્લીકેશન નં.૧૧૬૯૬/૨૦૨૨ ૦૭.૦૭.૨૦૨૨ જામીન ઉપર મુકત | ઇ. પી. કોડની કલમ–૩૭૬(૨)(એન) વિગેરે | કસુરવાર | ઇ. પી. કોડની કલમ–૩૭૬(૨)(એન) | ૦૪ માસ અને ૧૪ દિવસ |

## FORM-C
## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે :–

| સાહેદ નં. | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | સુરેશભાઈ કાનાભાઈ પરમાર | ભોગબનનારના પિતા | ૧૪ |
| ૨ | પ્રવિણાબેન સુરેશભાઈ પરમાર | ભોગબનનારની માતા | ૧૬ |
| ૩ | અંકીતાબેન સુરેશભાઈ પરમાર | ફરિયાદી/ ભોગબનનાર | ૧૭ |
| ૪ | નિયાઝએહમદ હમજામીયા સૈયદ | મુદ્દામાલ મો.સા. કબજે કર્યાનુ પંચનામાના પંચ | ૨૫ |
| ૫ | કાળુભાઈ મંગાભાઈ મેર | પંચ | ૩૨ |
| ૬ | આલ્કુભાઈ શંપુભાઈ બોરીચા | સાહેદ | ૩૩ |
| ૭ | સીતારામ ન્યાલચંદ ચંદવાણી | પંચ | ૩૪ |
| ૮ | ડો.હિંમતલાલ ત્રીકમભાઈ કણસાગરા | મેડિકલ ઓફિસર | ૩૫ |
| ૯ | મહેન્દ્રભાઈ પુંજાભાઈ પરમાર | પી.એસ.ઓ. | ૪૦ |
| ૧૦ | સિધ્ધાર્થસિંહ પ્રવિણસિંહ ગોહિલ | ત.ક.અમલદાર | ૪૫ |

## (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૮ |
| ૨ | ભોગબનનારનુ નિવેદન | ૧૯ |
| ૩ | એગ્રીમેન્ટ | ૨૦ |
| ૪ | સોગંદનામુ | ૨૧ |
| ૫ | ફરિયાદીની ફરિયાદ ધ્યાને લેવા બાબતનો પત્ર | ૨૨ |

| | | |
|---|---|---|
| ૬ | ગુમનોંધમાં નિવેદન લેવાનો પત્ર | ૨૩ |
| ૭ | મોબાઇલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૬ |
| ૮ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૭ |
| ૯ | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૮ |
| ૧૦ | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૯ |
| ૧૧ | કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૦ |
| ૧૨ | મેડીકલ નમુનાઓનુ પંચનામુ | ૩૧ |
| ૧૩ | ઓ.પી.ડી.કેસ પેપર્સ | ૩૬ |
| ૧૪ | લેખિત યાદી | ૩૭ |
| ૧૫ | કેસ પેપર્સ | ૩૮ |
| ૧૬ | લેખિત યાદી | ૩૯ |
| ૧૭ | એફ.આઇ.આર. | ૪૧ |
| ૧૮ | મેડીકલ તપાસણી માટે કરેલ યાદી | ૪૨ |
| ૧૯ | ફરિયાદ રજીસ્ટર કરવાનો પત્ર | ૪૬ |
| ૨૦ | ભોગબનનાર અને આરોપીની મેડીકલ તપાસણી માટેના પત્ર | ૪૭–૪૮ |
| ૨૧ | ભોગબનનારનુ નિવેદન લેવા લખેલ પત્ર | ૪૯ |
| ૨૨ | લાઇટબીલ તથા પત્રો | ૫૦ થી ૫૨ |
| ૨૩ | ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૫૩ |
| ૨૪ | આરોપીને અટક કર્યા અંગેની જાણ કરતો પત્ર | ૫૪ |
| ૨૫ | એનેક્ષર–૯ | ૫૫ |
| ૨૬ | ફોરવર્ડીંગ લેટર તથા રવાનગી પત્રક | ૫૬–૫૯ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## <u>।। ચુકાદો ।।</u>

**(૧)** આરોપી **ઈ.પી.કોડની કલમ–૩૭૬(૨) (એન), ૫૦૬(૨)** મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**(૨)** ફરિયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૨–૦૨–૨૦૨૨ થી દસેક માસ પહેલા આ કામના આરોપીએ ફરિયાદીના કાકા પ્રફુલભાઈ કાનાભાઈ પરમાર સાથે સવની ગામે ભાગીદારીમાં કટલેરીની દુકાન ચાલુ કરેલી અને તેમાં ફરીયાદીને નોકરીએ રાખી લગ્નની લાલચો આપી પ્રેમજાળમાં ફસાવી સવની ગામે કટલેરીની દુકાનમાં સાંજના પાંચેક વાગ્યે લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી ફરીયાદી સાથે સંભોગ કરેલ તેમજ તા.૩૦–૧૦–૨૦૨૧ના બપોરના બારેક વાગ્યે ફરીયાદીને લગ્નની લાલચ આપી ઉના મુકામે બોલાવી અલગ અલગ જગ્યાએ રાખી તેના પરીવારને મારી નાખવાની ધમકી આપી તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ છે. જેથી તે અંગેની ફરિયાદ ફરિયાદીએ પ્રભાસપાટણ પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૧૮૬૦૦૪૨૨૦૦૮૦/૨૦૨૨, ઈ. પી. કોડની કલમ–૩૭૬(૨) (એન), ૫૦૬(૨) મુજબનો ગુન્હો તપાસને અંતે આરોપી વિરૂદ્ધ દાખલ કરેલ ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુના અંગેની પુરતી તપાસ કર્યા બાદ આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુના અંગેની તહોમતનામું ફરમાવવા પુરતા પુરાવા જણાતા હોય આરોપી વિરૂદ્ધ વિ.એડી.જયુ.મેજી.ફ.ક.વેરાવળનાઓની કોર્ટમાં ફોજદારી કેસ નં.૮૫૭/૨૦૨૨ થી રજીસ્ટરે લેવાયેલ અને ઉપરોક્ત ગુન્હા અંગે સી.આર.પી.સી.કલમ–૧૭૩ અન્વયેનો રીપોર્ટ (ચાર્જશીટ) કરેલ. જે ધ્યાને લઈ સી.આર.પી.સી.કલમ–૧૯૩ અન્વયે કોગ્નીજન્સ લઈ આરોપીને સમંસ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસ સેશન્ય ટ્રાયેબલ હોય તા.૨૫/૦૪/૨૦૨૨ ના રોજ અત્રેની અદાલતમાં કમીટ કરવામાં આવેલ.

**(૩)** આરોપી હાજર થતા તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વાજબી કારણો જણાતા હોય આરોપીને તહોમતનામાની નકલ તેમજ ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતા

૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પુરા પાડી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા અંગેનું તહોમત **આંક–૧૦** થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફરમાવેલ છે અને આરોપીઓએ તેમના વિરૂદ્ધના ગુના સબબ ઈન્કાર કરતા **આંક–૧૧** થી આરોપીની પ્લી લેતા આરોપીએ ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરતા આરોપી વિરૂદ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૭૩ ની કલમ–૨૩૦ અન્વયે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવાનો દિવસ નક્કી કરી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૭૩ ની કલમ–૨૩૧ હેઠળ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ જે દરમ્યાન ફરિયાદપક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

૩.(એ ) **મૌખિક પુરાવાઃ–**

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | સુરેશભાઇ કાનાભાઇ પરમાર | ભોગબનનારના પિતા | ૧૪ |
| ૨ | પ્રવિણાબેન સુરેશભાઇ પરમાર | ભોગબનનારની માતા | ૧૬ |
| ૩ | અંકીતાબેન સુરેશભાઇ પરમાર | ફરિયાદી/ ભોગબનનાર | ૧૭ |
| ૪ | નિયાઝએહમદ હમજામીયા સૈયદ | મુદ્દામાલ મો.સા. કબજે કર્યાનુ પંચનામાના પંચ | ૨૫ |
| ૫ | કાળુભાઇ મંગાભાઇ મેર | પંચ | ૩૨ |
| ૬ | આલ્કુભાઇ શંપુભાઇ બોરીચા | સાહેદ | ૩૩ |
| ૭ | સીતારામ ન્યાલચંદ ચંદવાણી | પંચ | ૩૪ |
| ૮ | ડો.હિંમતલાલ ત્રીકમભાઇ કણસાગરા | મેડિકલ ઓફિસર | ૩૫ |
| ૯ | મહેન્દ્રભાઇ પુંજાભાઇ પરમાર | પી.એસ.ઓ. | ૪૦ |
| ૧૦ | સિધ્ધાર્થસિંહ પ્રવિણસિંહ ગોહિલ | ત.ક.અમલદાર | ૪૫ |

૩.(બી) **ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૨ | ભોગબનનારનુ નિવેદન | ૧૯ |
| ૩ | એગ્રીમેન્ટ | ૨૦ |
| ૪ | સોગંદનામુ | ૨૧ |
| ૫ | ફરિયાદીની ફરિયાદ ધ્યાને લેવા બાબતનો પત્ર | ૨૨ |
| ૬ | ગુમનોંધમાં નિવેદન લેવાનો પત્ર | ૨૩ |
| ૭ | મોબાઇલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૬ |
| ૮ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૭ |
| ૯ | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૮ |
| ૧૦ | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૯ |
| ૧૧ | કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૦ |
| ૧૨ | મેડીકલ નમુનાઓનુ પંચનામુ | ૩૧ |
| ૧૩ | ઓ.પી.ડી.કેસ પેપર્સ | ૩૬ |
| ૧૪ | લેખિત યાદી | ૩૭ |
| ૧૫ | કેસ પેપર્સ | ૩૮ |
| ૧૬ | લેખિત યાદી | ૩૯ |
| ૧૭ | એફ.આઇ.આર. | ૪૧ |
| ૧૮ | મેડીકલ તપાસણી માટે કરેલ યાદી | ૪૨ |
| ૧૯ | ફરિયાદ રજીસ્ટર કરવાનો પત્ર | ૪૬ |
| ૨૦ | ભોગબનનાર અને આરોપીની મેડીકલ તપાસણી માટેના પત્ર | ૪૭–૪૮ |
| ૨૧ | ભોગબનનારનુ નિવેદન લેવા લખેલ પત્ર | ૪૯ |
| ૨૨ | લાઇટબીલ તથા પત્રો | ૫૦ થી ૫૨ |
| ૨૩ | ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૫૩ |
| ૨૪ | આરોપીને અટક કર્યા અંગેની જાણ કરતો પત્ર | ૫૪ |
| ૨૫ | એનેક્ષર–૯ | ૫૫ |
| ૨૬ | ફોરવર્ડીંગ લેટર તથા રવાનગી પત્રક | ૫૬–૫૯ |

(૪) ફરિયાદપક્ષે **આંક–૬૦** થી પોતાનો પુરાવો પુરો થયાનું પુરસીસથી જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓની વિરૂદ્ધ ફરિયાદ પક્ષના સાહેદોએ આપેલ પુરાવાનો ઇન્કાર કરેલ છે અને પોતાને બચાવ પક્ષે સાહેદો તપાસવા નથી કે બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ કરવો નથી તેવું જાહેર કરેલ છે અને વિશેષમાં

એવુ જણાવેલ છે કે, '' અમોએ કોઇ ગુન્હો કરેલ નથી. અમો નિર્દોષ છીએ. નિર્દોષ ઠરાવવા વિનંતી છે. "

(૫) ઉપરોકત હકીકતના આધારે કેસના ન્યાયિક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા::-**

**મુદ્દા નં. ૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૨૨-૦૨-૨૦૨૨ થી દસેક માસ પહેલા આ કામના આરોપીએ ફરિયાદીના કાકા પ્રકુલભાઈ કાનાભાઈ પરમાર સાથે સવની ગામે ભાગીદારીમાં કટલેરીની દુકાન ચાલુ કરેલી અને તેમાં ફરીયાદીને નોકરીએ રાખી લગ્નની લાલચો આપી પ્રેમજાળમાં ફસાવી સવની ગામે કટલેરીની દુકાનમાં સાંજના પાંચેક વાગ્યે લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી ફરીયાદી સાથે સંભોગ કરેલ તેમજ તા.૩૦-૧૦-૨૦૨૧ના બપોરના બારેક વાગ્યે ફરીયાદીને લગ્નની લાલચ આપી ઉના મુકામે બોલાવી અલગ અલગ જગ્યાએ રાખી તેના પરીવારને મારી નાખવાની ધમકી આપી તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરી ઇ.પી.કોડની કલમ-૩૭૬(૨)(એન), ૫૦૬(૨) અન્વયે ગુનાહિત કૃત્ય કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દા સંદર્ભેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** અંશત: હકારમાં

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**-:: દલીલ ::-**

(૭) આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ બચાવપક્ષે કોઇ પુરાવો રજુ કરવો ન હોય તેવુ જાહેર કરતા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ-૨૩૪ અન્વયે બંને પક્ષકારોના વિધ્વાન વકિલશ્રીની દલીલો સાંભળી.

(૭.૧) ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી જે.ડી.પાઠકની દલીલ છે કે, ફરિયાદ મુજબ અને ભોગબનનારના પુરાવા મુજબ આરોપી કે જે પરીણીત પુરૂષ છે અને તે શિક્ષક તરીકે નોકરી કરે છે તેણે તેની દિકરી જેવડી ઉંમરની

ભોગબનનારને લલચાવી, ફોસલાવી પ્રેમજાળમાં ફસાવેલ અને મરજી વિરૂદ્ધ શરીરસંબંધ બાંધેલ અને ધમકી આપી લખાણ કરાવેલુ અને માતા–પિતા સાથે જવુ નથી તેવુ નિવેદનમાં લખાવવા માટે દબાણ કરેલ અને મારી નાખવાની ધમકી આપેલી હોય મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂ એવુ લખાવેલ કે, મારે માતા–પિતા સાથે જવુ નથી. ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ પણ શરીરસંબંધ બાંધ્યાની હકીકત ખુલેલ છે. તેના માતા–પિતા પણ જે પુરાવો આપેલ છે તેનાથી ભોગબનનારના પુરાવાને સમર્થન મળે છે. શિક્ષક દરજજાના વ્યકિતએ પોતાની દિકરી જેવડી છોકરીને ભગાડી જઈ બદકામ કરેલ હોય સખત શિક્ષા કરવા વિનંતી છે અને શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયને કલંક લાગે જેથી આરોપીને સખત સજા કરવા વિનંતી છે.

**(૭.૨)** આરોપી તરફે પ્રોકસી વિ.વ.શ્રી આર.બી.ડોડીયાની દલીલ છે કે, સવની ગામે કટલેરીની દુકાનમાં ભોગબનનાર નોકરી કરતા હતા ને ઘરના સભ્યો ત્રાસ આપતા હતા અને ઘરના સભ્યો ત્રાસ આપતા હતા જેથી નોકરીએ ગયેલ જે હકીકતને પણ આંક–૨૨ અને આંક–૨૩ ના પત્રથી સમર્થન મળે છે. ભોગબનનાર તેના કાકાની દુકાનમાં નોકરી કરતા હતા તેનો પગાર રૂા.૧,૨૦,૦૦૦/– આપેલ નહી તેવુ ફરિયાદી જણાવે છે અને પોતે ૨૧ વર્ષની પુખ્ત ઉંમરની છે તેવુ પણ સાબીત થયેલ છે. ભોગબનનારના માતા–પિતાએ પણ એવો પુરાવો આપેલ છે કે, ભોગબનનાર અમારા ઘરે આવવા તૈયાર ન થતા તેને શીશીમંગળમાં મોકલી આપેલ.

**(૭.૩)** આરોપી તરફે પ્રોકસી વિ.વ.શ્રી આર.બી.ડોડીયાની વધુમાં દલીલ છે કે, ભોગબનનારે સ્વૈચ્છાએ લીવ ઇન રીલેશનશીપનો કરાર કરી આરોપી સાથે રહેલ તે કરાર આંક–૨૦ થી રજુ કરેલ છે અને કોઈનુ દબાણ નથી તેવુ સોગંદનામુ આંક–૨૧ થી રજુ કરેલ છે અને પોતાની મેળે સ્વૈચ્છાએ ઉના ગયેલ અને ત્યાંથી આરોપીને મળેલ તેવો ભોગબનનાર પુરાવો આપે છે. ભોગબનનારના માતા–પિતાએ હાઈકોર્ટમાં રીટ કરેલ ત્યાર પણ ફરિયાદીએ એવુ જણાવેલુ કે, તે તેના મા–બાપને ત્યાં રહેવા માંગતા નથી. આરોપી સને–૨૦૦૪ થી શિક્ષકની નોકરી કરે છે અને કોઇ ગુનાહિત ભુતકાળ ધરાવતા નથી. છોકરા છોકરીઓ બંનેને ભણાવે છે અને ઈજજતદાર માણસ

છે અને આરોપીએ કોઇ ગુનો કરેલ નથી અને ખોટો કેસ કરેલ છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

**-।। પુરાવાનું મુલ્યાંકન ।।-**

(૮) આરોપી ઉપર ઇ.પી.કો.કલમ-૩૭૬ અને ૫૦૬(૨) અન્વયેનુ તહોમત મુકવામાં આવેલ છે અને જયારે ઇ.પી.કો.કલમ-૩૭૬ અન્વયેનુ તહોમત મુકવામાં આવેલ હોય ત્યારે ઇ.પી.કો.કલમ-૩૭૫ માં કરેલ બળાત્કારની વ્યાખ્યા આપેલ છે તે ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**ઇ.પી.કો.કલમ-૩૭૫ :-**

**૩૭૫ બળાત્કાર :-**

કોઈ પુરુષે બળાત્કાર કર્યો ગણાશે, જો તે,-

(ક) સ્ત્રીના પ્રજનન ભાગ, મોં, પેશાબની નળી અથવા ગુદાના ભાગે તેનું શિશ્ન દાખલ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરતાં પ્રેરે; અથવા

(ખ) શિશ્ન સિવાય શરીરનો કોઈપણ ભાગ અથવા કોઈ વસ્તુ સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્રનલીકા, અથવા ગુદાના ભાગમાં ગમે તેટલા હદથી દાખલ કરવી અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે; અથવા

(ગ) સ્ત્રીના શરીરનો પ્રજનનનો ભાગ, મુત્રનલીકા, ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં હાથથી પ્રવેશ કરે અથવા તેણીને તેની સાથે અથવા અન્ય પુરૂષ સાથે તેમ કરવા પ્રેરે; અથવા

(૫) સ્ત્રીના પ્રજનન ભાગ, મુત્ર નલીકા, ગુદાના ભાગે તેનું મોં લગાવવું અથવા તેણીને તેની સાથે અથવા બીજા પુરૂષ સાથે તેમ કરવા પ્રેરીને,

નીચે વર્ણવેલા સાત પૈકીના કોઈપણ સંજોગો હેઠળ તેમ કરે,

(૧) તેણીની ઈચ્છા વિરૂદ્ધ;

(૩) તેણીની સંમતિ વીના;(૩) તેણીની સંમતિથી, જયારે તેણીની સંમતિ તેણીને અથવા તેણીને હિત હોય તેવી વ્યક્તિના ઈજા અથવા મૃત્યુના ભય નીચે મેળવેલ હોય;

(૪) તેણીની સંમતિથી, જયારે પુરૂષ જાણતો હોય કે તે તેણીનો પતિ નથી અને તેણીની આપેલ સંમતિનું કારણ તે બીજો પુરૂષ જેની સાથે તેણીના કાયદેસરના લગ્ન થયાનું તેણી માનતી હોય;

(૫) તેણીની સંમતિથી, જયારે સંમતિ આપતી વખતે અસ્થિર મગજ અથવા નશો અથવા તેણીને જાતે અથવા અન્ય મારફતે કોઈ નશાયુક્ત અગર મૂર્છિત કરનાર પદાર્થ આપવામાં આવે જેથી તેણીએ આપેલ સંમતિનો અર્થ અને તેનું પરીણામ સમજી શકવા અસમર્થ હોય;

(૬) તેણીની સંમતિ અથવા સંમતિ વિના જયારે તેણી અઢાર વર્ષથી નાની ઉંમરની હોય;

(૭) જયારે તેણી સમંતી પ્રસારિત કરવા અસમર્થ હોય.

**(૮.૧)**આમ, ઉપરોકત જોગવાઇ મુજબ જયારે કોઇ સ્ત્રી તેની ઇચ્છા કે સંમંતિ વિના સંભોગ કરે ત્યારે બળાત્કાર કરેલો ગણાય. આરોપીએ ભોગબનનારની ઇચ્છા વિરૂદ્ધ સંભોગ કરેલ છે કે કેમ તે નકકી કરવા માટે ફરિયાદીનો પુરાવો મહત્વનો રહે છે. ભોગબનનારના પિતા સુરેશભાઇ કાનાભાઇ પરમારનો પુરાવો આ કામે આંક-૧૪ થી રજુ થયેલ છે. જેમાં તેણે એવો પુરાવો આપેલ છે કે, મારી દિકરીની ઉંમર ૨૧ વર્ષ છે. સને-૨૦૨૧ માં હું સવની ગામે રહેતો હતો ત્યારે પ્રવિણ જેશીંગભાઇ પરમાર મારા ઘરે આવીને કહેલ કે, તમે તમારી છોકરીને દુકાને બેસાડો. હું પગાર આપીશ પણ મે ના પાડેલી. ત્યારબાદ ફરી વખત મારા ઘરે આવીને કહેલ કે, મારે પણ જુવાન છોકરીઓ છે <u>તારી દિકરી મારી દિકરી જેથી મે તેની ઉપર વિશ્વાસ રાખી છોકરીને તેની દુકાને કટલેરીનો વેપાર કરવા મોકલેલ.</u> બે વર્ષ પછી મારી છોકરીની સગાઇ નકકી થયેલ જેથી મે બે વર્ષનો પગાર માંગેલ જે તેણે મને આપેલ નહી અને મારી છોકરીને ભગાડી ગયેલ જેથી મે પોલીસમાં ફરિયાદ આપેલી. મે પ્રવિણ જેશીંગને ફોન કરેલો અને પુછેલ કે તુ કયાં છે તો તેણે કહેલ કે હું બહાર છુ મે તેને મારી દિકરી મળી આવતી નથી તેવુ કહેલ. પ્રવિણને બે દિકરીઓ છે જેમાં એક અગિયારમુ ભણે છે અને બીજી દસમુ ભણે છે. પ્રવિણ ગામમા આવેલ એટલે હું તેના ઘરે ગયેલો અને કહેલ કે <u>તારી દુકાનેથી મારી છોકરી જતી રહેલ અને તેણે કહેલ કે, હું તમારી છોકરીને ભગાડી ગયેલ નથી.</u>

(૮.૨)વધુમાં એવો પુરાવો આપે છે કે, તા.૦૩.૧૦.૨૦૨૧ ના રોજ પોલીસસ્ટેશનથી ફોન આવેલ કે, તમારી છોકરી મળી ગયેલ છે. મારી છોકરી મારી સાથે આવવા તૈયાર ન થતા તેને કોર્ટે શીશુમંગળમાં મોકલી આપેલ. ત્યારબાદ તેને સમજણ આવતા તે અમારી સાથે આવી ગયેલ પછી મને વાત કરેલી. પ્રવિણે મને લગ્નની લાલચ આપી અને લલચાવી, ફોસલાવી લઈ ગયેલ. મારો નાનો ભાઈ પ્રવિણ સાથે આ દુકાનમાં ભાગીદાર હતો. મારી દિકરીનો રૂા.૪,૦૦૦/- પગાર નકકી થયેલ. પગાર માંગેલ ત્યારે એવુ કહેલ કે, <u>પગાર જમા રહેવા દે સગાઈ થશે ત્યારે ભેગો આપીશ</u> મારી દિકરીની સગાઈ કરવાનુ નકકી થયેલ. વાત ચાલતી હતી તે દરમ્યાન જતી રહેલી. મારી દિકરીએ મને એવી વાત કરેલી કે, હું કહુ તેમ કરવાનુ નહીતર તારા પપ્પા અને ભાઈને મારી નાખીશ. મારી દિકરી સાથે પ્રવિણે શું કરેલુ તેની મને કોઈ વાત કરેલી નહી. મારી પત્નીને વાત કરેલી. આરોપીને ઓળખી બતાવે છે. ત્યારબાદ એવો પુરાવો આપે છે કે, મારી દિકરીને એવુ જણાવેલુ કે, પ્રવિણે મને પ્રેમજાળમાં ફસાવેલી અને મારી સાથે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલ તેવી મને વાત કરેલ અને તે પોલીસને લખાવેલ અને લગ્નની લાલચ આપી આવુ કરેલુ તેવી મારી દિકરીએ પણ કહેલુ અને એવી પણ વાત કરેલ કે પ્રવિણે મને એવુ કહેલ કે <u>મે મારી પત્નીને છુટાછેડા આપી દિધેલા છે તુ ઉના આવી જા.</u> ત્યાં પ્રવિણ મળેલો અને તેની સાથે મોટરસાયકલમાં બેસી હનુમાનપરા મુકી ગયેલ અને લગ્ન કરવાના કાગળો ગોઠવીને તને લઈ જઈશ અને ૧૫ દિવસ પછી પાછો આવેલ ત્યાંથી અમરેલી લઈ ગયેલ અને કહેલ કે, લગ્નમાં વાર લાગશે જેથી અમે બંનેએ મૈત્રીકરારના કાગળમાં સહી કરેલ અને ત્યારબાદ કાળુભાઈના ઘરે લઈ ગયેલ ત્યાં એક રૂમમાં રાખેલ અને પ્રવિણ મારી સાથે જબરજસ્તી કરવા લાગેલ અને મારી મરજી વિરૂદ્ધ દસ દિવસ સુધી શરીરસંબંધ બાંધેલ. આ સાહેદ ઉલટતપાસમાં એવો પુરાવો આપે છે કે, મારા ભાઈનુ આ દુકાનમાં કોઈ રોકાણ ન હતુ અને <u>પ્રવિણ પરમારે આ દુકાનમાં મુડીરોકાણ કરેલુ.</u> મારા ભાઈ પ્રવિણની પત્ની જીજ્ઞા શરૂઆતમાં આ દુકાને બેસતી. કોર્ટમાં લાવેલ ત્યારે મારી છોકરીને મે અનેમારી પત્નીએ અમારી સાથે આવવા જણાવેલુ પણ મારી છોકરી માનેલ નહી અને ઘરે આવવા તૈયાર થયેલ નહી. છોકરીની ભાળ મેળવવા અંગે હાઈકોર્ટમાં રીટ કરેલ. મારી

છોકરીને હાઇકોર્ટમાં પોલીસે વિડીયોકોન્ફરન્સથી રજુ કરેલ ત્યારે પણ મારી દિકરીએ અમારી સાથે આવવાની ના પાડેલી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તે અને તેના કુટુંબના સભ્યો તેની દિકરીને ત્રાસ આપતા હતા અને મરજી વિરૂદ્ધ બીજે પરણાવી દેવા માંગતા હતા જેથી જતી રહેલી.

(૮.૩) ભોગબનનારની માતા પ્રવિણાબેન સુરેશભાઈ પરમારનો પુરાવો આંક–૧૬ થી રજુ કરેલ છે કે, તેણે એવો પુરાવો આપેલ છે કે, ત્રણેક વર્ષ પહેલા મારી દિકરી ઘરે નહી આવતા મારા પતિએ ફરિયાદ આપેલી. મારી છોકરી પ્રવિણ જેશીંગ પરમારની કટલેરીની દુકાને નોકરી કરતી હતી. પગાર નકકી કરેલ ન હતો અને પગાર આપતા ન હતા. સવારે નવ વાગ્યે દુકાને જતી હતી. સાંજે નવ વાગ્યે પાછી આવતી હતી. મારા પતિ ફર્નીચરનુ કામ કરે છે. હું ખેત મજુરી કરુ છુ. મારી છોકરીને પોલીસવાળા પકડી લાવેલ અને કોર્ટથી શીશુમંગળમાં મોકલી આપેલી. હું મળવા ગયેલ પણ મારી સાથે વાત કરેલી નહી. બીજી વખત મળવા ગયેલી ત્યારે વાત કરેલ અને તેડવા ગયેલ ત્યારે આવી ગયેલ અને મારી દિકરીએ મને વાત કરેલી નહી. મારા પતિએ હાઇકોર્ટમાં અરજી કરેલી ત્યારબાદ છોકરી અમારા ઘરે આવી ગયેલી. મારી છોકરીએ મૈત્રીકરાર કરેલો તેની મને ખબર નથી. મારી દિકરી જેની સાથે જતી રહેલ તે પ્રવિણ કોર્ટમાં હાજર છે તે જ છે. ઉલટતપાસમાં એવો પુરાવો આપે છે કે, મારી દિકરીને કોર્ટમાં લાવેલ ત્યારે હું તેને મળવા આવેલ નહી. મારી છોકરી ઘરે આવતી ન હતી જેથી મારા પતિએ હાઇકોર્ટમાં કેસ કરેલો. હાઇકોર્ટમાંથી શીશુમંગળમાં ગયેલ ત્યાંથી મારી દિકરીને ઘરે લાવેલ. આરોપી <u>પ્રવિણ અને મારો સગો દેર પ્રફુલ સાથે મળીને આ કટલેરીની દુકાન ચલાવતા હતા.</u> શરૂઆતમાં પ્રફુલની પત્ની જીગ્ના આ દુકાન ચલાવતી હતી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, અમે તેની મરજી વિરૂદ્ધ લગ્ન કરાવવા માંગતા હતા તે માનતી ન હતી જેથી અમે દુઃખ ત્રાસ આપતા હતા.

(૯) ભોગબનનાર અંકિતાબેન સુરેશભાઈ પરમારનો પુરાવો આંક–૧૭ થી નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપે છે કે, પ્રફુલભાઈ મારા કાકા થાય છે તે પ્રવિણ જેશીંગ સાથે કટલેરીમાં ભાગીદારીમાં ધંધો કરતા હતા. રૂા.૩,૦૦૦/– ના પગારે હું આ દુકાનમાં નોકરી કરતા હતી. દુકાનની દેખરેખ પ્રવિણભાઇ રાખતા હતા તેઓ વેરાવળ આવતા હતા તેઓ શિક્ષક તરીકે

નોકરી કરે છે અને બે છોકરીઓ છે તેની પત્ની ઘર સંભાળતી હતી અને વધુમાં એવો પુરાવો આપે છે કે, એવુ કહેતા હતા કે, હું તને પ્રેમ કરુ છુ તેમ કહી પ્રેમજાળમાં ફસાવેલ અને મને એવુ કહેલ કે, તે તેની પત્ની સાથે છુટાછેડા લઇને મારી સાથે લગ્ન કરશુ. મને એવી ધમકી આપતા હતા કે ત્યારે કોઇ પણ હિસાબે મારી સાથે લગ્ન કરવા પડશે મને એવી ધમકી આપતા હતા કે ત્યારે હું ના પાડતી હતી અને એક દિવસ બપોરના સમયે દુકાનમાં મારી સીવાઇ કોઇ હતુ નહી <u>ત્યારે મારી મરજી વિરૂદ્ધ શરીરસંબંધ બાંધેલો.</u> ત્યારબાદ તા.૩૦.૧૦.૨૦૨૧ ના રોજ મને ઉના મુકામે લગ્ન કરવા બોલાવેલ અને આ વાત મને રૂબરૂમાં દુકાને કરેલ અને હું ધમકીને કારણે સવનીથી ઉના બસમાં બેસીને ગયેલ ત્યાં મને દસ દિવસ એકલી રાખેલી. દસ દિવસ પછી મને હનુમાનપરાથી અમરેલી લઇ ગયેલ અને મારી મરજી વિરૂધ્ધ મૈત્રીકરારના કાગળોમાં સહી કરાવેલી ત્યાંથી મને ઉગલા ગામે કાળુભાઇના ઘરે લઇ ગયેલ ત્યાં મારી મરજી વિરૂદ્ધ દસ–બાર દિવસ શરીરસંબંધ બાંધેલ ત્યાંથી મને જશાધાર દિવાળીબેનને ઘરે લઇ ગયેલ ત્યાં થોડા દિવસ રાખેલી. ત્યાંથી અમારે કોર્ટમાં આવવાનુ થયેલુ. મને એવી ધમકી આપેલી કે, તારે હું કહુ તેમ જ કહેવાનુ કે મારે પ્રવિણ સાથે જ રહેવુ છે તેના કહેવા મુજબ મે કોર્ટમાં જણાવેલુ. ત્યાંથી મને નારીસુરક્ષા ગૃહમાં મોકલી આપેલી. ત્યાંના મેડમે મને આશ્વાસન આપી સમજાવેલ જેથી મારી બીક ઓછી થયેલ જેથી હું મારા પિતાને ત્યાં જવા તૈયાર થયેલ મે મારા માતા–પિતાને આ બાબતે વાત કરેલ પછી ફરિયાદ કરેલ જે અસલ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૮ થી રજુ થયેલ છે. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે. હું ધોરણ–૧૨ સુધી ભણેલ છુ. મારી જન્મ તારીખ ૦૮.૧૨.૨૦૦૦ ની છે. મારો જન્મનો દાખલો પ્રવિણ જેશીંગ પાસે છે. મારે બે વર્ષનો પગાર આપેલ નથી. મારી સોનાની કાનની બુટ્ટી પણ તેની પાસે છે. કોર્ટમાં એક જજસાહેબ મેડમ હતા તેણે મને પુછેલ મે તેઓએ જણાવેલુ. મે તેઓને જે બન્યુ તે જણાવેલ તેવુ મને હાલ ઓછુ યાદ આવે છે.

(૧૦) પી.એસ.ઓ. મહેન્દ્રભાઇ પુંજાભાઇ પરમારનાએ આંક–૪૦ થી એવો પુરાવો આપેલ છે કે, આંક–૧૮ વાળી ફરિયાદ પી.આઇ. એસ.પી.ગોહીલનાએ અમને મોકલતા જે મુજબ અમોએ ગુનો નોંધી અને એફ.આઇ.આર.માં નોંધ

કરેલી. જે એફ.આઇ.આર. આંક–૪૧ થી રજુ કરેલ છે. અને આગળની તપાસ પી.આઇ.શ્રી ગોહીલને સોંપી આપેલ. આ ફરિયાદ પી.એસ.આઇ. ગોહીલ રૂબરૂ લેવામાં આવેલી તેવો તેણે પુરાવો આપેલ છે.

**(૧૧)** ભોગબનનારની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં તે એવો પુરાવો આપે છે કે, આરોપી પ્રવિણ બહારગામ એક શિક્ષક તરીકે નોકરી કરતો હતા. મારા કાકા પ્રફુલભાઇ અને આરોપી ૨૦૧૮ ના અંતમાં ભાગીદારીમાં દુકાન ખોલેલી. બનાવના દિવસે બપોરે દુકાને આવેલ તે દિવસે જાહેર રજા હતી કે કેમ તેની મને ખબર નથી. બનાવની વાત મે મારા માતા–પિતા કે બહેનને કરેલ નહી. બનાવ પછી હું નિયમીત દુકાને જતી હતી. બે–ત્રણ દિવસ પહેલા મને ઉના જવાનુ કહેલ. સાંજના ચાર–પાંચ વાગ્યે મને ઉના બસસ્ટેન્ડ મળેલા. હું સવનીથી ઉના સ્વૈચ્છાએ એકલી ગયેલી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, હનુમાનપરાથી અમરેલી હું મારી મરજીથી ગયેલી. અમે બસમાં ગયેલ. બસમાં બીજા કોઇ મુસાફરોને આરોપી મને પરાણે લઇ જાય છે તેવી વાત મે કરેલી નહી કારણ કે, મને ધમકી આપેલી અને અમરેલીમાં અમે જયાં વકિલશ્રી પાસે ગયેલ ત્યાં કરાર કરેલો તેમાં મારી સહી છે. તે સાથે રહેવાનો કરાર કરેલ જે આંક–૨૦ થી રજુ થયેલ છે અને તેમાં પોતાની સહી અને ફોટો ઓળખી બતાવે છે. સોગંદનામુ કરેલુ તેમાં પણ પોતાની સહી ઓળખી બતાવતા હોય તેને આંક–૨૧ આપવામાં આવે છે.

**(૧૧.૧)**વધુમાં એવો પુરાવો આપે છે કે, હનુમાનપરાથી અમરેલી અને ત્યાંથી ઉગલા અમે મોટરસાયકલ પર ગયેલ મને રાત્રે લઇ ગયેલ જેથી રસ્તામાં ટ્રાફીક ન હતો. ઉગલા ગામે કે જશાધાર ગામે મે કોઇને વાત કરેલી નહી. મારા પિતાએ ફરિયાદ કરી હશે જેથી કોર્ટમાં આવેલ. જજસાહેબે મારુ નિવેદન લીધેલુ અને મારા માતા–પિતા સાથે જવુ નથી પરંતુ આરોપી સાથે જવુ છે તેવુ મને ધમકી આપી હતી તેથી લખાવેલુ જેથી મને નારીસુરક્ષામાં મોકલી આપેલી તેમજ અરજદારના નામે પી.એસ.આઇ.ને લખેલ પત્રમાં પોતાની સહી ઓળખી બતાવતા હોય જે આંક–૨૨ અને આંક–૨૩ થી રજુ થયેલ છે અને આ બંને પત્ર રજીસ્ટર એ.ડી. થી મોકલવામાં આવેલ છે અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, મારી કાકી જીજ્ઞાબેન અને મારા કાકા પ્રફુલભાઇ બંને ત્રાસ આપતા હતા અને હું કંટાળી ગઇ હતી અને રૂા.૧,૨૦,૦૦૦/– પગારના

આપતા ન હતા જેથી ઘર છોડીને જતી રહી હતી અને એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, એ વાત ખરી નથી કે, આરોપીએ મારી સાથજે કયારેય શરીરસંબંધ બાંધેલ નથી અને એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી પાસેથી પૈસા પડાવવા મારા માતા–પિતાના કહેવા મુજબ ફરિયાદ આપેલી.

**(૧૧.૨)**ફરિયાદ, ફરિયાદી/ભોગબનનાર નો પુરાવો તેમજ તેની માતાનો પુરાવો ધ્યાને લેતા એ હકીકત સાબીત થાય છે કે, આરોપી શિક્ષક તરીકે નોકરી કરે છે. બે સંતાનો છે એક છોકરી અગિયારમુ ભણે છે અને બીજી દસમુ ભણે છે અને આરોપીએ ભોગબનનારના કાકા પ્રફુલભાઈ સાથે ભાગીદારીમાં કટલેરીની દુકાન કરેલી. આ દુકાને આરોપી વારંવાર આવતા હતા. બંને વચ્ચે શરીરસંબંધ બંધાયેલ. આરોપીના કહેવા મુજબ ફરિયાદી ઉના ગયેલ. ઉનાથી હનુમાનપરા, હનુમાનપરાથી અમરેલી અને અમરેલીથી ઉગલા અને ત્યાંથી જશાધાર ગયેલ અને આ દરમ્યાન બંને વચ્ચે અનેક વખત શરીરસંબંધ બંધાયેલ. ફરિયાદી ભોગબનનારની જન્મ તા.૦૮.૧૨.૨૦૦૦ ની છે જેથી બનાવની તારીખ ૦૩.૧૦.૨૦૨૧ ના રોજ તેની ઉંમર ૨૦ વર્ષની છે અને આરોપી શિક્ષક તરીકે નોકરી કરે છે અને બે સંતાનનો પિતા છે અને તેની ઉંમર ૪૪ વર્ષ છે.

**(૧૨)** મેડિકલ ઓફિસરશ્રી હિંમતલાલ ત્રીકમભાઈ કણસાગરાનો પુરાવો આંક–૩૫ થી લેવામાં આવેલ છે તેમાં તેણે એવો પુરાવો આપેલ છે કે, તેઓ ભોગબનનાર અને આરોપી બંનેની શારીરિક તપાસણી કરેલી. ભોગબનનારને પુછતા તેની ઉંમર ૨૨ વર્ષ હોવાનુ જણાવેલ. હિસ્ટ્રી પુછતા તેણે કોઈ જ વિગત જણાવેલ નહી. શરીર પર કે કપડામાં કોઈ ડાઘ કે બાહ્ય નિશાન ન હતા. યોનીપટલ તુટેલ હતુ. શરીરસંબંધ બંધાયેલ હોવાની શકયતાને નકારી શકાય નહી અને તેઓએ ભોગબનનારના નમુના લીધેલા. સારવારનુ સર્ટીફિકેટ આપેલ જે આંક–૩૮ થી રજુ કરેલ છે અને નમુના પોલીસસ્ટેશનમાં મોકલેલ તે પત્ર આંક–૩૯ થી રજુ કરેલ છે. આ સાહેદે આરોપીની પણ શારીરિક તપાસણી કરેલી છે તે સંબંધે તેણે એવો પુરાવો આપેલ છે કે, પ્રવિણભાઈ જેશીંગભાઈ પરમાર, ઉ.વ.૪૩ વાળાને તપાસણી માટે લાવેલ તેને કોઈ ઈજાના નીશાન ન હતા. શરીરસંબંધ બાંધવા માટે સક્ષમ હતો તેણે નમુના લીધેલા જે નમુના પોલીસસ્ટેશને લેખિત યાદી સાથે મોકલી આપેલ જે

યાદી આંક–૩૭ થી રજુ કરેલ છે અને આરોપીને હિસ્ટ્રી પુછતા તેણે કોઇ વિગત જણાવેલ નહી તેણે આ અંગેનુ સારવાર સર્ટીફિકેટ આપેલ જે આંક–૩૬ થી રજુ કરેલ છે.

**(૧૩)** આલ્કુભાઇ શંપુભાઇ બોરીચાનો પુરાવો નોંધવામાં આવેલ છે તેણે એવો પુરાવો આપેલ છે કે, હું પ્રવિણભાઇને ઓળખુ છુ તે ધુળજીંજવા ગામે શિક્ષક તરીકે નોકરી કરે છે તે મારે ત્યાં કયારેય આવેલ નથી અને મારે કાળુભાઇ સાથે કોઇ વાત થયેલ નથી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત મળી આવતી નથી.

**(૧૪)** આંક–૩૨ થી કાળુભાઇ મંગાભાઇ મેરનો પુરાવો નોંધવામાં આવેલ છે તેણે એવો પુરાવો આપેલ છે કે, હું પ્રવિણભાઇને ઓળખતો નથી હું કાળુભાઇ ચંપુભાઇ બોરીચાને ઓળખુ છુ અને તેણે મને પ્રવિણભાઇ શિક્ષકને રૂમ મેળવી આપવા માટે કિધેલ હોય અને ત્યાં રોકાયેલ હોય તેવુ બનેલ નથી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત મળી આવતી નથી.

**(૧૫)** આંક–૩૪ થી સીતારામ ન્યાલચંદ ચંદવાણી તેમજ બીજા પંચ નિયાઝએહમદ હમજામીયા સૈયદને આંક–૨૫ થી તપાસેલ છે જે મોટરસાયકલ કબજે કર્યાના પંચો છે જે પંચનામુ આંક–૨૬ થી રજુ થયેલ છે તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સીવાય બીજી કોઇ હકીકત જણાવતા નથી.

**(૧૬)** આંક–૪૫ થી ત.ક.અમલદાર–સિધ્ધાર્થસિંહ પ્રવિણસિંહ ગોહિલનો પુરાવો નોંધવામાં આવેલ છે તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ તા.૨૨.૦૨.૨૦૨૨ ના રોજ પ્રભાસપાટણ પોલીસસ્ટેશનમાં પી.આઇ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદીને લગ્ન કરવાની લાલચ આપી, ફરિયાદી સાથે ફરિયાદીની મરજી વિરૂદ્ધ શરીરસંબંધ બાંધી બળાત્કાર કર્યાની ફરિયાદ આપતા તેઓએ તેના રૂબરૂ ફરિયાદ લીધેલી, તપાસ સંભાળેલ, બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. આરોપીને અટક કરેલા, મેડિકલ તપાસણી કરાવેલી. નમુના એફ.એસ.એલ.માં મોકલેલા. લાઇટબીલ વગેરે કબજે કરેલા. મુદામાલ મોટરસાયકલ કબજે કરેલ જે અંગેના દસ્તાવેજો આંક–૪૬ થી આંક–૫૯

સુધીના રજુ કરેલા છે. આરોપીને ઓળખી બતાવે છે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે તેવો પુરાવો આપે છે.

**(૧૬.૧)**આરોપી તરફે સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેણે એવો પુરાવો પેલ છે કે, આંક–૨૨ વાળો પત્ર અને આંક–૨૧ વાળુ સોગંદનામુ નોટરી રૂબરૂનુ છે અને ભોગબનનારનુ છે અને તેમાં પણ સ્વૈચ્છાએ જતી રહેલ તેવુ પી.એસ.આઇ. પાટણને પત્ર લખેલ છે અને લીવ ઇન રીલેશનશીપનો કરાર કરેલો. આ પત્રમાં જણાવેલુ તેવો પુરાવો આપે છે અને આ પ્રકારનુ લખાણ ભોગબનનારને મારી નાખવાની ધમકી આપતા કરવામાં આવેલ તેવો પુરાવો આપેલ છે. ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ પ્રકારનુ લખાણ કરવામાં આવેલ તે અંગે ધમકી આપ્યાની અલગથી કોઇ ફરિયાદ કરેલ નથી. ભોગબનનારે એવુ લખાવેલ છે કે, આ બાબતે કોઇને વાત કરીશ તો હું તારા મા–બાપને મારી નાખીશ જેથી આ બનાવ બાબતે કોઇને વાત કરેલ નહી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, આ પ્રકારના લખાણો ધમકી આપીને કરેલ તેવુ ફરિયાદીએ ફરિયાદમાં લખાવેલ નથી અને ઉલટતપાસમાં એવો પણ પુરાવો આપેલ છે કે, ફરિયાદીના માતા–પિતાએ ફરિયાદીને રજુ કરવા માટે હાઇકોર્ટમાં રીટ કરેલી તેમાં ભોગબનનારને રજુ કરતા તે પોતાના માતા–પિતાને ત્યાં જવા માંગે છે તેવુ જણાવતા તેને નારીસુરક્ષા ગૃહમાં મોકલવામાં આવેલ છે અને આ સાહેદ સ્વૈચ્છાએ એવુ જણાવે છે કે, આરોપીની ધમકીના કારણે ભોગબનનાર નામદાર કોર્ટમાં હાઇકોર્ટની રીટમાં એવુ જણાવેલ છે કે, તે તેના માતા–પિતાને ત્યાં જવા માંગતી નથી તેથી તેને નારી સુરક્ષા ગૃહમાં મોકલી આપવામાં આવેલી તેવુ તેણે ફરિયાદમાં જ લખાવેલ છે. ફરિયાદી નારી સુરક્ષા ગૃહમાથી તેના માતા–પિતાને ત્યાં જતી રહયા પછી હાલની ફરિયાદ કરેલ છે અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે. આરોપી અને ભોગબનનારના કાકા વચ્ચે નાણાકીય તકરાર હતી જેને કારણે ભોગબનનારને આગળ ધરી ફરિયાદીના માતા–પિતાએ છોકરી ઉપર દબાણ લાવી ખોટી ફરિયાદ કરાવેલ છે.

**(૧૭)** સમગ્રપણે પુરાવાનુ મુલ્યાંકન કરતા એ હકીકત ફલીત થાય છે કે,

૧.) આરોપી પ્રવિણભાઇ જેશીંગભાઇ પરીણીત છે. શિક્ષક તરીકે નોકરી કરે છે અને બે દિકરીઓ છે એક અગિયારમુ ભણે છે અને બીજી દસમુ ભણે છે.

૨.) ફરિયાદીના કાકા પ્રફુલભાઇ સાથે આરોપીએ સવની ગામે કટલેરીની દુકાન નાખેલી તેમાં મુડીરોકાણ આરોપી પ્રવિણભાઇનુ હતુ અને ભોગબનનાર પણ ફરિયાદીની દુકાનમાં નોકરીએ જતી હતી અને તેનો માસીક પગાર ભોગબનનારના પુરાવા મુજબ રૂા.૩,૦૦૦/– નકકી કરવામાં આવેલો.

૩.) ભોગબનનાર પુખ્ત ઉંમરની છે તે બાબતે કોઇ તકરાર નથી. ફરિયાદીનુ એવુ કથન છે કે, આરોપી તેને લલચાવી, ફોંસલાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયેલ અને ભોગબનનારના પુરાવા મુજબ તેની સાથે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલોલ અને જે મૈત્રીકરારના કાગળો નોટરી રૂબરૂ કરેલા તે આરોપીએ આપેલ ધમકીના કારણે કરેલા અને આરોપીએ ધમકી આપેલ જેના કારણે જયારે તેને કોર્ટમાં રજુ કરવામાં આવેલ ત્યારે તેના માતા–પિતા સાથે ગયેલ નહી.

૪.) ભોગબનનારે એવો પુરાવો આપેલ છે કે, મારા પપ્પા અને ભાઇને મારી નાખવાની ધમકી આપેલી. જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલો અને હું કહુ તેમ તારે કરવાનુ અને તારે મારી સાથે જ રહેવુ પડશે તેમ કહેલુ.

આરોપીનો એવો બચાવ છે કે, ભોગબનનાર પુખ્ત ઉંમરની છે, પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ. નોટરી રૂબરૂ મૈત્રીકરાર (લીવ ઇન રીલેશનશીપનો) સાથે રહેવાનો કરેલો અને આ કરાર પોતાના બચાવ તરીકે ઉલટતપાસમાં આંક–૨૦ થી રજુ કરેલ છે. આંક–૨૧ થી સોગંદનામુ રજુ કરેલ છે અને ભોગબનનારના માતા–પિતા ફરિયાદ કરે તો ધ્યાને ન લેવા આંક–૨૨ અને આંક–૨૩ થી પી.એસ.આઇ. પાટણને પત્ર લખેલો છે.

પ.) આમ, ભોગબનનાર અને આરોપી સાથે રહેલ છે. શરીરસંબંધ બાંધેલ છે. શારીરિક સંભોગ કરેલ છે અને પતિ પત્નીની જેમ લીવ ઇન રીલેશનશીપમાં રહેલ છે તેવુ ફલીત થાય છે.

**(૧૮)** ફરિયાદીનુ એવુ કથન છે કે, તેને ધમકી આપેલ જેથી તેણે સમંતિ આપેલ જેથી તેની સાથે ગયેલ અને બળજબરીથી આરોપીએ શરીરસંબંધ બાંધેલ છે. તા.૩૦.૧૦.૨૦૨૧ ના રોજ ફરિયાદી પોતાના ઘરેથી જતી રહેલ ત્યારબાદ ફરિયાદીના પિતાની ફરિયાદ આધારે લાંબા સમય બાદ મળી આવેલી.

**(૧૮.૧)**ફરિયાદી પુખ્ત ઉંમરના છે. આરોપી સાથે રહેલ છે. શરીરસંબંધ બાંધેલ છે. ધમકી આપ્યાની અને બળજબરી કર્યાની હકીકત જયારે પ્રથમ વખત પોલીસ પાસે પકડાઇ ગયેલ ત્યારે જણાવેલ નથી અને પોતાને પોતાના મા-બાપને ત્યાં જવુ નથી તેવુ જણાવતા શીશુમંગળમાં (નારી સ્વરક્ષણ સંસ્થા) માં મોકલી આપવામાં આવેલી. નારી સ્વરક્ષણ સંસ્થામાથી પોતાના માતા-પિતાને ત્યાં આવ્યા બાદ ફરિયદ આપેલ છે અને ફરિયાદમાં અને મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નિવેદનમાં એવુ જણાવેલ છે કે, તેને ધમકી આપેલી તેની સાથે બળજબરી કરેલી તેમજ ભોગબનનાર આરોપી સાથે રહેલ તે દરમ્યાન પણ તેણે આરોપી પાસેથી બચવા માટે કોઇ પ્રયત્ન કરેલ નથી જે પરથી આરોપી દ્વારા ધમકી આપવામાં આવેલ હોય અને બળજબરી કરવામાં આવેલ છે તેવી જે હકીકત ફરિયાદ અને પુરાવામાં જણાવે છે તે શંકા ઉપજાવે છે અને શંકાનો લાભ આરોપીને આપવો જોઇએ જેથી એમ માની લેવુ જોઇએ કે, ફરિયાદી/ભોગબનનાર સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલ નથી.

**(૧૮.૨)**ફરિયાદીના કથન મુજબ તે આરોપીની દુકાનમાં નોકરીએ જતી હતી. આરોપી શિક્ષક તરીકે નોકરી કરતા હતા દુકાનમાં તેણે મુડીરોકાણ કરેલુ હતુ તેને લલચાવી, ફોસલાવી, પટાવી ગેરમાર્ગે દોરી લગ્ન કરવાની લાલચ આપી ઉના મુકામે લગ્ન કરવા માટે આવવા જણાવતા તે ગયેલ તેટલી હકીકત માની શકાય તેમ છે અને જે લીવ ઇન રીલેશનશીપનો કરાર કરેલ છે તે પણ ભોગબનનારની સંમંતિથી કરેલ છે અને ફરિયાદી/ભોગબનનારના પિતાએ તેની દિકરી ગુમ થયાની ફરિયાદ આપ્યા બાદ બચવા માટે ઉભુ કરવામાં આવેલ છે તેમ માની શકાય આમ, છતાં એવુ માની લેવામાં આવે કે, આ કરાર, લખાણ માત્ર બચાવ માટે ઉભા કરવામાં આવેલ નથી તેવુ માની લેવામાં આવે તો પણ જે સંમંતિ આપવામાં આવેલ છે તે સંમંતિ સ્વૈચ્છીક સંમંતિ છે કે કેમ તે જોવુ જોઇએ.

**(૧૮.૩)**બળાત્કારની વ્યાખ્યા ઇ.પી.કો.કલમ-૩૭૫ માં આપવામાં આવેલ છે. તેના સ્પષ્ટીકરણ-ર માં એવી જોગવાઇ છે કે, "સંમતિ એટલે સ્પષ્ટ સ્વૈચ્છિક સંમતિ, જ્યારે સ્ત્રીએ શબ્દથી, ઈશારાથી અથવા બોલવાના અથવા ન બોલાવાના કોઈપણ પ્રકારે પ્રસારિત કરી ખાસ જાતિય કૃત્યમાં ભાગ લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી હોય, પરંતુ સ્ત્રી જે યોનિ પ્રવેશના કૃત્યનો શારીરિક

પ્રતિરોધ કરી શકે તેમ ન હોય ત્યારે જાતિય પ્રવૃત્તિ માટે તેણીની સંમતિ હતી તેવું કારણ માની શકાશે નહિં."

**(૧૯)** સ્વૈચ્છીક સંમંતિ કોને કહેવાય તે કરાર અધિનિયમમાં જે મુકત સંમંતિની વ્યાખ્યા આપવામાં આવેલ છે તેનો ફોજદારી કાર્યવાહીમાં સંપુર્ણપણે ધ્યાને લઈ શકાય નહી પરંતુ ભારતીય દંડ સંહીતાના પ્રકરણ–૪ માં સામાન્ય અપવાદોની કલમ–૯૦ માં સ્પષ્ટ સંમંતિ કોને કહેવાય તેની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ

કલમ ૯૦. સંમતિ, જે ભયના લીધે અથવા ખોટા ખ્યાલના લીધે આપી હોવાનું જાણવામાં હોય.

(ક) જો, હાનિ થવાના ભયને લીધે અથવા હકીકતના ખોટા ખ્યાલને લીધે કોઈ વ્યક્તિએ સંમતિ આપી હોય અને કૃત્ય કરનારી વ્યક્તિ જાણતી હોય અથવા તેને માનવાને કારણ હોય કે તે સંમતિ એવા ભય અથવા ખોટા ખ્યાલના પરિણામે આપવામાં આવી છે તો; અથવા

(ખ) જો મગજની અસ્થિરતાને કારણે અથવા નશાને કારણે પોતે જે કૃત્ય માટે સંમતિ આપે છે તે કેવા પ્રકારનું છે અને તેનું કેવું પરિણામ આવશે તે સમજવાને અસમર્થ હોય એવી વ્યક્તિએ સંમતિ આપી હોય તો; અથવા

(ગ) બાર વર્ષથી ઓછી વયની વ્યક્તિએ સંમતિ આપી હોય અને સંદર્ભથી વિરુદ્ધનું જણાતું ન હોય તો;

તેવી સંમતિ આ સંહિતાની કોઈપણ કલમમાં નિર્દિષ્ટ સંમતિ નથી.

**(૨૦)** ઉપરોકત જોગવાઇ જોતા જયારે હકીકતના ખોટા ખ્યાલના કારણે ખોટી માન્યતા હેઠળ સંમતિ આપવામાં આવેલ હોય તો તેને સ્વૈચ્છીક સંમંતિ ગણી શકાય નહી અને ખોટી માન્યતા સાથે બંધાઇ તેવુ કૃત્ય કરેલ હોય અને ખોટા ખ્યાલના કારણે સંમંતિ આપેલ હોય તો તેને સ્પષ્ટ સંમંતિ સ્વૈચ્છીક સંમંતિ ગણી શકાય નહી. કોઇ સ્ત્રીને કોઇ પુરૂષ દ્વારા લગ્ન કરવાનુ વચન આપી તેની સંમંતિ મેળવીને શરીરસંબંધ બાંધવામાં આવે સંભોગ કરવામાં આવે લગ્ન કરવાની ઈચ્છાથી લાલચથી કોઇ સ્ત્રી સંમંતિ આપે અને કોઇ કારણસર તે લગ્ન ન થઇ શકે તો તેને કારણે સ્વૈચ્છીક સંમંતિ નથી તેમ ગણી બળાત્કારના ગુના સંબંધે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી પરંતુ લગ્ન કરવાની લાલચ આપી વચન આપી શરીરસંબંધ બાંધી તે સ્ત્રીને ભોગવી લીધા બાદ તે સ્ત્રીને

છોડી દેવામાં આવે અને આરોપીનો પહેલેથી જ ઈરાદો લગ્ન કરવાનો ન હોય તો આવી સંમંતિથી બાંધેલ શરીરસંબંધ સ્વૈચ્છીક સંમંતિથી બાંધેલ છે તેમ ગણી શકાય નહી અને સ્ત્રી સાથે છેતરપીંડી કરવામાં આવેલ છે અને કલમ–૯૦ હેઠળ ખોટી માન્યતા હેઠળ ખોટી હકીકતના ખ્યાલને કારણે સંમંતિ આપવામાં આવેલ છે તેવુ માની શકાય. **નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા સતપાલસીંઘ વિ. સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૧૦(૮)એસ.સી.સી.** ૭૧૪ માં પેરા નં.૨૯ અને ૩૦ માં એવુ ઠરાવેલ છે કે,

29. It can be held that a woman has given consent only if she has freely agreed to submit herself, while in free and unconstrained possession of her physical and moral power to act in a manner she wanted. Consent implies the exercise of a free and untrammeled right to forbid or withhold what is being consented to, it always is a voluntary and conscious acceptance of what is proposed to be done by another and concurred in by the former. An act of helplessness on the face of inevitable compulsions is not consent in law. More so, it is not necessary that there should be actual use of force. A threat or use of force is sufficient.

30. The concept of 'Consent' in the context of Section 375 IPC has to be understood differently, keeping in mind the provision of Section 90 IPC, according to which a consent given under fear/coercion or misconception/mistake of fact is not a consent at all. Scheme of Section 90 IPC is couched in negative terminology. Consent is different from submission. [Vide Uday Vs. State of Karnataka AIR 2003 SC 1639; Deelip Singh @ Dilip Kumar Vs. State of Bihar AIR 2005 SC 203;

and Yedla Srinivasa Rao Vs. State of A.P. (2006) 11 SCC 615.]

**(૨૧)** તેમજ ગેરમાન્યતા (MIS CONCEPTION)થી સંમંતિ આપવામાં આવેલ હોય તો તે સંમંતિ ગણી શકાય નહી તેમજ જો કોઇ વ્યકિતનો પ્રથમથી જ લગ્ન કરવાનો ઈરાદો ન હોય અને લગ્ન કરવાનુ વચન આપી શરીરસંબંધ બાંધે તો તે સ્વેચ્છીક સંમંતિ આપેલ ગણાય નહી તેવુ **નામદાર સુપ્રિમકોર્ટ દ્બારા દિપક ગુલાટી વિ. સ્ટેટ ઓફ હરીયાણા એ.આઈ.આર. ૨૦૧૩** સુપ્રિમકોર્ટના ચૂકાદાના પેરા ૧૮, ૧૯ અને ૨૧ માં એવુ ઠરાવેલ છે કે,

18. Consent may be express or implied, coerced or misguided, obtained willingly or through deceit. Consent is an act of reason, accompanied by deliberation, the mind weighing, as in a balance, the good and evil on each side. There is a clear distinction between rape and consensual sex and in a case like this, the court must very carefully examine whether the accused had actually wanted to marry the victim, or had mala fide motives, and had made a false promise to this effect only to satisfy his lust, as the latter falls within the ambit of cheating or deception. There is a distinction between the mere breach of a promise, and not fulfilling a false promise. Thus, the court must examine whether there was made, at an early stage a false promise of marriage by the accused; and whether the consent involved was given after wholly, understanding the nature and consequences of sexual indulgence. There may be a case where the prosecutrix agrees to have sexual intercourse on account of her love and passion for the accused, and not solely on account of mis–representation made to her by the accused, or where an

accused on account of circumstances which he could not have foreseen, or which were beyond his control, was unable to marry her, despite having every intention to do so. Such cases must be treated differently. An accused can be convicted for rape only if the court reaches a conclusion that the intention of the accused was mala fide, and that he had clandestine motives.

19. In Deelip Singh (supra), it has been observed as under:

21. Hence, it is evident that there must be adequate evidence to show that at the relevant time, i.e. at initial stage itself, the accused had no intention whatsoever, of keeping his promise to marry the victim. There may, of course, be circumstances, when a person having the best of intentions is unable to marry the victim owing to various unavoidable circumstances. The "failure to keep a promise made with respect to a future uncertain date, due to reasons that are not very clear from the evidence available, does not always amount to misconception of fact. In order to come within the meaning of the term misconception of fact, the fact must have an immediate relevance." Section 90 IPC cannot be called into aid in such a situation, to pardon the act of a girl in entirety, and fasten criminal liability on the other, unless the court is assured of the fact that from the very beginning, the accused had never really intended to marry her.

**(૨૨)** હાલના કેસના સંજોગો જોતા આરોપીને બે દિકરીઓ છે. જેમાં ફરિયાદ સમયે ૨૦૨૨ ની સાલમાં એક અગિયાર અને બીજી દસમા ધોરણમાં ભણતી હતી અને આરોપી શિક્ષક તરીકે નોકરી કરતા હતા અને સાથે ભાગીદારીમાં કટલેરીની દુકાન કરેલી. ફરિયાદીના પિતાને તેની ભોગબનનાર દિકરીને દુકાને

રાખવા જણાવેલુ. ફરિયાદીના પિતાએ આંક–૧૪ થી પુરાવો આપેલ છે તે મુજબ એવુ જણાવેલ છે કે, હું પગાર આપીશ તેવુ કહેલ મે ના પાડેલ ત્યારબાદ ફરી વખત મારા ઘરે આવીને કહેલ કે મારે પણ જુવાન છોકરીઓ છે તારી દિકરી મારી દિકરી જેથી મે તેના ઉપર વિશ્વાસ રાખીને છોકરીને તેની કટલેરીની દુકાને વેપાર કરવા મોકલેલી. બે વર્ષનો પગાર આપેલ નહી. પગાર માંગેલ ત્યારે એવુ કહેલ કે, પગાર જમા રહેવા દે સગાઇ થશે ત્યારે ભેગો આપીશ. આરોપીએ ફરિયાદીના પિતાને એવો વિશ્વાસ આપેલ કે હું તમારી દિકરીને મારી દિકરી જ ગણીને રાખીશ. વેવિશાળ કરશો ત્યારે ભેગા પૈસા આપીશ. આમ, તેના પિતાનો વિશ્વાસ જીતી લીધેલો. ભોગબનનારે એવો પુરાવો આપેલ કે, પ્રવિણભાઇ દુકાને આવતો હતો અને તેને કહેતો હતો કે હું તને પ્રેમ કરુ છુ તેમ કહી પ્રેમજાળમાં ફસાવેલી અને કોઇ દુકાને ન હતુ ત્યારે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલો. ત્યારબાદ તા.૩૦.૧૦.૨૦૨૧ ના રોજ મને ઉના લગ્ન કરવા બોલાવેલ. આમ લગ્ન કરવાનુ જણાવી તેને ઉના મુકામે બોલાવેલ અને બીજા ગામે મુકી આવી આરોપી પાછા પોતાના ગામમાં આવેલ ત્યારે ભોગબનનારના પિતા તેના ઘરે ગયેલ અને કહેલ કે, તારી દુકાનેથી મારી છોકરી જતી રહેલ છે તુ કેમ મારા ઘરે આવેલ નહી તેણે કહેલ કે, હું તમારી છોકીરને ભગાડી ગયેલ નથી.

**(૨૩)** આમ, છોકરી ઘરેથી જતી રહયા બાદ પોતે ભગાડી ગયો નથી તેવુ ગામમા દેખાડવા માટે તે ગામમા પરત આવેલ અને ત્યારબાદ ફરી ભોગબનનાર સાથે જતો રહેલ અને આંક–૨૦ વાળુ લીવ ઇન રીલેશનશીપનુ એગ્રીમેન્ટ અને સંમંતિથી સાથે રહેવાનો કરાર નોટરી રૂબરૂ અમરેલી ખાતે તા.૦૩.૧૧.૨૦૨૧ ના રોજ કરેલો. આરોપીની ઉપરોકત વર્તણુક જોતા આરોપી યોજનાબધ્ધ રીતે ભોગબનનાર તેની સાથે ગયેલ છે તેવુ કોઇ જાણે નહી માટે તેઓ જે જગ્યાએ રહે છે ત્યાંથી અંદાજે ૮૦ થી ૧૦૦ કિલોમીટર દુર આવેલ ઉના ગામે બોલાવેલ ત્યાંથી અમરેલી બાજુ મુકી ગામડામાં લઇ જઇ ત્યાં મુકીને પાછો પોતાના ગામે આવી ગયેલ જેથી કોઇ વ્યકિતને તેના ઉપર શક ન પડે કે ભોગબનનાર તેની સાથે છે અને પાછા આવ્યા બાદ તેને એવી જાણકારી મળેલ હોવી જોઇએ તેના પિતાએ પોલીસમાં ફરિયાદ કરેલ છે જેથી પોતે

બચવા માટે લીવ ઈન રીલેશનશીપનો કરાર નોટરી રૂબરૂ કરાવેલ હોય તેમ માની શકાય તેમ છે.

**(૨૪)** લીવ ઈન રીલેશનશીપનો કરાર ધમકીથી કરવામાં આવેલ નથી કોઈ દબાણના કારણે કરવામાં આવેલ નથી. સ્વૈચ્છીક રીતે કરવામાં આવેલ છે તેમ માની લેવામાં આવે તો પણ આરોપી ભોગબનનાર/ફરિયાદીને પોતાની પત્ની તરીકે નહી પરંતુ ઉપપત્ની (રખાત) તરીકે રાખવાના અને પોતાની વાસના સંતોષવાના ઈરાદે બહારના જીલ્લામાં મકાન રાખી રીલેશનશીપમાં રહેવાનો આરોપીનો ઈરાદો હોય તેમ આરોપીની વર્તણુક પરથી જણાય આવે છે અને આરોપીની ઉંમર બનાવ સમયે ૪૩ વર્ષની હોય ભોગબનનાર કરતા બમણી ઉંમરનો હોય ઘરે પત્ની અને બે અગિયારમુ અને દસમુ ભણતી દિકરીઓ સંતાનમાં હોય ફરિયાદીની સાથે આરોપીને પ્રથમથી જ લગ્ન કરવાનો ઈરાદો ન હતો અને (LUST) પોતાની વાસના સંતોષવા માટે ગ્રામ્ય વિસ્તારની ગરીબ માણસની છોકરીને અન્ય જીલ્લામાં રાખી તેની સાથે કાયમી ધોરણે સહવાસ અને સંભોગ માણવાનો હતો તેવુ જણાય આવે છે.

**(૨૪.૧)**આ પ્રકારની સંમંતિ સ્વૈચ્છીક સંમંતિ માની લેવામાં આવે તો ગમે તે ઉંમરના પુરૂષો પોતાનાથી નાની યુવાનીને ઉંબરે ઉભેલી સ્ત્રીને ખોટા વચનો આપે અને તેને પત્ની તરીકે દરજજો આપે નહી અને માત્ર ઉપપત્ની તરીકે રાખી ભોગ ભોગવવાનુ સાધન તરીકે ઉપયોગ કરી છોડી દે તો સ્ત્રીનુ જીવન નર્કમય બજી જાય જેથી આવી સંમંતિને સ્વૈચ્છીક સંમંતિ માની શકાય નહી.

**(૨૫)** લીવ ઈન રીલેશનશીપને સુપ્રિમકોર્ટ દ્વારા માન્યતા આપવામાં આવેલ છે તેવી આરોપીની રજુઆત છે. પરંતુ લીવ ઈન રીલેશનશીપને સુપ્રિમકોર્ટે માન્યતા આપેલ છે તે અંગે જુદા જુદા ચુકાદાઓમાં ઠરાવેલ છે તે મુજબ લગ્ન બાહય સંબંધોથી કોઈ સ્ત્રીની સાથે રહેલ કોઈ પુરૂષ સહવાસ ભોગવીને તેના સંતાનો ઉત્પન્ન થાય કે ન થાય લાંબો સમય સહવાસ કર્યા બાદ તેને તરછોડી દે તો પુરૂષની કોઈ જવાબદારી નિશ્ચિત ન થાય અને સ્ત્રી અસહાય બની ન જાય માટે લીવ ઈન રીલેશનશીપથી જન્મેલ બાળક અને બંધાયેલ સંબંધો અન્વયે પુરૂષોની સ્ત્રી પ્રત્યેની પુરૂષની જવાબદારી નિશ્ચિત કરવા માટે લીવ ઈન રીલેશનશીપના સંબંધોને માન્યતા આપવામાં આવેલ છે નહી કે, માત્ર સ્ત્રીને ભોગવવા માટે જેથી આરોપીનો ઉપરોકત બચાવ માની શકાય તેમ નથી.

**(૨૬)** આમ, આરોપીએ ફરિયાદી/ભોગબનનારને એવુ માનવા પ્રેરેલ કે તે તેને પત્ની તરીકે રાખશે તેની સાથે લગ્ન કરશે તેવુ ફરિયાદી પાસે મનાવી આવી ગેરમાન્યતા, હકીકતના ખોટા ખ્યાલ હેઠળ ફરિયાદીએ જે સંમતી આપેલ છે તે ભારતીય દંડ સંહિતાની કલમ–૯૦ હેઠળ સ્વૈચ્છીક સંમતિ ન હોય અને સંમતિ વિના શરીરસંબંધ બાંધેલ હોય તેવુ ફલીત થતુ હોય આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ ધ્યાને લેતા બળાત્કારનુ તહોમત સાબીત થાય છે અને આરોપીએ વારંવાર શરીરસંબંધ બાંધેલ હોય આરોપી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) હેઠળ દોષીત ઠરે છે પરંતુ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ શંકારહીત સાબીત થતુ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ **અંશત: હકારમાં** આપવામાં આવે છે અને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન) હેઠળ દોષિત ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

**<u>(૨૭) : સજાના પ્રશ્ને સાંભળ્યા.</u>**

**૨૭.૧.)** આરોપી તરફે વિ. વ. શ્રી એ.બી.થાનકીની દલીલ છે કે, આરોપી પર તેના પત્ની અને બાળકોની જવાબદારી છે. જો સજા કરવામાં આવે તો તેના પત્ની અને બાળકોને સહન કરવુ પડે તેમ છે. અને કોઇ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

**૨૭.૨.)** ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી જે.ડી.પાઠકની દલીલ છે કે, આરોપીએ ભોગબનનારને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી વારંવાર શારીરીક સંભોગ કરેલ છે. આરોપીએ તેનાથી નાની ઉંમરની સ્ત્રી સાથે આવુ કૃત્ય કરેલ હોય, જો હળવાશથી લેવામાં આવે અને ઓછી સજા કરવામાં આવે તો નાની વયની યુવતીઓની સલામતી જોખમાય તેમ હોય, જેથી મહતમ સજા કરવા વિનંતી છે.

**૨૭.૩.**) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ તથા કેસની હકીકત ધ્યાને લેતા આરોપી ૪૩ વર્ષની ઉંમરના છે. આમ છતાં, ૨૦ વર્ષની તેનાની અડધાથી ઓછી નાની વયની પોતાની દિકરી જેવડી ભોગબનનાર સ્ત્રીની નાદાનીયતનો દુરઉપયોગ કરી ફોંસલાવી ભગાડી જઇ વારંવાર શરીરસુખ માણેલ છે ભોગબનનાર સ્ત્રીને લલચાવી, ફોસલાવી, શારીરીક સંભોગ કરેલ છે. જે ગંભીર પ્રકારનુ કૃત્ય છે અને તેને હળવાશથી લેવામાં આવે તો સમાજમાં અવળી અસર પડે અને નાની યુવતીઓનુ જીવન જોખમાય તેમ છે. સામેપક્ષે આરોપીને સજા કરવાથી તેના પત્ની અને બાળકો સહારો ગુમાવે તેમ છે. જેથી મહતમ સજા નહી કરતા કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા કરવી ન્યાયોચિત જણાય છે.

**૨૭.૪.)** આરોપી શિક્ષક તરીકે નોકરી કરતા હતા તેની પત્ની અને બે સગીર દિકરીઓ છે અને આરોપીને સજા કરતા તેઓ તેના પિતાનો આશરો અને આવક ગુમાવે તેમ હોય અને આરોપીને અન્ય કોઈ સ્થાવર જંગમ મિલકત ધરાવે છે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય અને આરોપી ઉપર તેના કુટુંબની જવાબદારી હોય, આરોપી ૪૩ વર્ષના હોય આરોપીને સખત કેદની સજા ફરમાવવી જરૂરી હોય, આરોપી ભોગબનનારને વળતર આપવા સક્ષમ હોય તેમ જણાતુ ન હોય આરોપી પાસેથી વળતર ચુકવવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ નથી.

**૨૭.૫.)** આરોપીને ઇ. પી. કો. કલમ–૩૭૬ (૨) (એન) હેઠળ ૧૦ વર્ષથી ઓછી નહીં અને આજીવન કેદ સુધી લંબાવી શકાય ત્યાં સુધીની કોઇપણ પ્રકારની શિક્ષા થઇ શકે છે.

**૨૦.૬.)** આરોપીની ઉંમર ૪૩ વર્ષ છે. ગુનાહીત ઇતિહાસ ધરાવતા નથી અને કુટુંબની જવાબદારી તેના ઉપર છે, આરોપીને કારાવાસની સજા કરવાથી આરોપીની પત્ની અને તેના બાળકો પિતાથી વંચિત થઇ જાય તેમ હોય, ભરણપોષણ માટેનો આધાર હાલના આરોપી હતા, તે ગુમાવે તેમ હોય અને તેઓને પણ આરોપીને થયેલ સજાની અસર પહોંચે તેમ હોય, આરોપીને મહત્તમ સજા નહી કરતા, ૧૦ વર્ષ સુધીની સખત કારાવાસની સજા કરવી ન્યાયોચિત જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::– આખરી હુકમ –::</u>**

૧. આરોપી–**પ્રવિણભાઇ જેસીંગભાઇ પરમાર જાતે.કારડીયા** રાજપુત ઉ.વ.૪૩, ધંધો.નોકરી, રહે.સવની તા.વેરાવળનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) (બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) )અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આરોપી–**પ્રવિણભાઇ જેસીંગભાઇ પરમાર જાતે.કારડીયા** રાજપુત ઉ.વ.૪૩, ધંધો.નોકરી, રહે.સવની તા.વેરાવળનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે (બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) ) ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬(૨)(એન) હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ અને દંડ ભરવામાં કસુર કર્યેથી વધુ દિન–૫ ની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

3. આ કામના આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ અન્વયે મજરે મળવાપાત્ર રહેશે.

૪. સદર કામે પોલીસે કબજે કરેલ મુદામાલ બાબતે અગાઉ જે કોઇ હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે તથા અન્ય મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

**૫.** આ હુકમની એક નકલ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩ (બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪)અન્વયે વિનામુલ્યે તાત્કાલિક પુરી પાડવી.

**૬.** હુકમ મુજબ સજા વોરંટ ભરવુ.

**૭.** આ હુકમની એક નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ (બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગીરસોમનાથને મોકલવી.

આજરોજ આ હુકમ તા.૨૯ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬